નાગોયા એશિયન ગેમ્સ પર હવે વાવાઝોડાનું જોખમ તોળાયું, સોમવારે ત્રાટકી શકે

સામાન્ય વરસાદમાં રમતો ચાલુ રહેશે પણ મૂશળધાર વરસાદને કારણે કટોકટી ઊભી થાય તો ખેલાડીઓનું સ્થળાંતર કરાવાશે : ગેમ્સ આયોજકો

જો વાવાઝોડાની તિવ્રતા વધી જશે તો રમતવીરોના રહેવા માટેનું ઇટાલિયન ક્રુઝ જહાજ કોસ્ટા સેરેના ડોક છોડીને સુરક્ષિત પાણીમાં જશે

નાગોયા, તા. 18 : જાપાનમાં એશિયન ગેમ્સ સામે એક પછી એક પડકારો આવતા જ રહ્યા છે, પહેલા રેકોર્ડ બ્રેક વરસાદને કારણે આયોજન સ્થળે પાણી ભરાયા હતા તે પછી ખેલાડીઓના રહેઠાણનો પ્રશ્ન વકર્યો હતો અને હવે એશિયન ગેમ્સ પર વાવાઝોડાનું જોખમ તોળાયું છે. અહેવાલો અનુસાર આગામી થોડા દિવસોમાં એક મોટું વાવાઝોડું આઈચી-નાગોયા કિનારા પર ત્રાટકવાનું જોખમ છે. આયોજકો પહેલાથી જ 2026 એશિયન ગેમ્સ માટે આવનારા ખેલાડીઓ અને અધિકારીઓને લગતા રહેઠાણ

વિવાદનો સામનો કરી રહ્યા છે. હવે, અધિકારીઓએ ચેતવણી આપી છે કે જો દરિયાકાંઠાના શહેરમાં 100 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે તો ખેલાડીઓને અસ્થાયી રૂપે સ્થળાંતર કરાવવામાં આવી શકે છે. ગુરુવારે ટ્રોપીકલ વાવાઝોડું ડુજુઆન મધ્ય જાપાન તરફ આગળ વધી રહ્યું હતું, જેમાં મહત્તમ સતત પવન લગભગ 90 કિમી પ્રતિ કલાકની ઝડપે અને 126 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાઈ રહ્યો હતો. આ તોફાન 21 સપ્ટેમ્બરે આઈચી-નાગોયા પ્રદેશ તરફ પહોંચી શકે છે, જે શનિવારે રમતોની સત્તાવાર શરૂઆતના બે દિવસ પછી છે. ગેમ્સના ડેપ્યુટી પ્રેસિડેન્ટ અને નાગોયાના મેયર ઇચિરો હિરોસાવાએ જણાવ્યું હતું કે સામાન્ય વરસાદી પરિસ્થિતિઓમાં પણ સ્પર્ધા ચાલુ રહેશે. જોકે, તેમણે ચેતવણી આપી હતી કે જો મુશળધાર વરસાદને કારણે સ્થળાંતર ચેતવણીઓ આપવામાં આવશે તો કટોકટીના પગલાં લેવાશે અને રમતવીરોને અસ્થાયી રૂપે સ્થળાંતર કરવાની વ્યવસ્થા કરાશે. અધિકારીઓ પાસે કોસ્ટા સેરેના માટે પણ એક આકસ્મિક યોજના છે, જે ઇટાલિયન ક્રુઝ જહાજ છે જે હજારો રમતવીરો અને અધિકારીઓને સમાવવા માટે લાવવામાં આવ્યું છે. જો પવન વાવાઝોડાની તીવ્રતા સુધી પહોંચે છે, તો જહાજ ડોક છોડીને સુરક્ષિત પાણીમાં જશે.

એશિયાડ મહિલા ક્રિકેટ : જાપાનને હરાવી ભારત સેમી ફાઈનલમાં

શ્રી ચારણીની ઘાતક બોલિંગથી ભારતે જાપાનને 57 રનમાં ઓલઆઉટ કર્યું

શેફાલી વર્માની તોફાની બેટિંગથી પાંચ ઓવરમાં બે વિકેટે લક્ષ્યાંક આંબી લીધો

નિશિન (જાપાન), તા. 18 (પીટીઆઈ) : ઓપનર શેફાલી વર્માના ઓલરાઉન્ડ પ્રદર્શન અને ડાબોડી સ્પિનર શ્રી ચારણીની ઘાતક બોલિંગની મદદથી ડિફેન્ડિંગ ગોલ્ડ મેડાલિસ્ટ ભારતે આજે શુક્રવારે અહીં અનુભવહીન જાપાન સામે આઠ વિકેટે ભવ્ય વિજય મેળવીને એશિયન ગેમ્સ મહિલા ક્રિકેટની સેમી ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે.

ચારણીએ 10 રનમાં ચાર જ્યારે શેફાલીએ 13 રનમાં બે વિકેટ મળીને છ વિકેટ ઝડપી હતી, જેના કારણે ભારતે જાપાન માત્ર 57 રનમાં ઓલઆઉટ થયું હતું. ત્યારબાદ ભારતે શેફાલીની 15 બોલમાં 40 રનની નોટઆઉટ ઈનિંગથી માત્ર પાંચ ઓવરમાં જ બે વિકેટે આ લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો હતો. હવે ૨૦ સપ્ટેમ્બરે રમાનારી સેમિફાઈનલમાં ભારતનો સામનો બાંગ્લાદેશ સામે થશે. ઋચા ઘોષે છ બોલમાં 12 રનનું ઉપયોગી યોગદાન આપ્યું હતું. જાપાને ભારતીય ઓપનર ગુનાલન કમાલિની અને વન-ડાઉન બેટર ભારતી ફૂલમાલીને આઉટ કરી હતી.

એશિયન ગેમ્સ આજથી : ભારતીય રમત નવી છલાંગ માટે સજ્જ

હાંગઝોઉની સફળતા બાદ નાગોયામાં થનારી આકરી કસોટીને પહોંચી વળવા માટે ભારતીય રમતવીરો તૈયાર

ભારતીય રમતવીરો માત્ર મેડલ જીતવા પૂરતા સીમિત ન રહેતાં લાંબા ગાળાના લક્ષ્યો સાથે મેદાને પડશે

નાગોયા તા. 18 (PTI) : અહીં આવતીકાલે શનિવારથી શરૂ થઈ રહેલી 20મી એશિયન ગેમ્સમાં ભારતીય રમત ક્ષેત્રની ક્ષમતાની આકરી પરીક્ષા થશે. ખેલાડીઓનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી એક દાયકામાં દેશને વિશ્વના ટોચના 10 રમત દેશોમાં સ્થાન અપાવવાના વ્યાપક લક્ષ્યની ઝલક દર્શાવવાનો છે. રમતોની સંખ્યા (43) અને ખેલાડીઓની સંખ્યા (લગભગ 11,000)ની દૃષ્ટિએ, એશિયાડ માત્ર 45 દેશોની સ્પર્ધા હોવા છતાં ઓલિમ્પિક્સ કરતાં પણ મોટો સ્પર્ધાત્મક મંચ છે. ભારત તરફથી 501 ખેલાડીઓનું મોટું દળ ભાગ લઈ રહ્યું છે. નાગોયા આવ્યા બાદ અસ્તવ્યસ્ત રહેઠાણ વ્યવસ્થાને કારણે ખેલાડીઓને શરૂઆતમાં હાલાકી ભોગવવી પડી હતી, પરંતુ શનિવારે ઉદ્ઘાટન સમારોહ સાથે રમત શરૂ થતાં જ પરિસ્થિતિ થાળે પડવાની આશા છે. હાંગઝોઉ ગેમ્સે ભારત માટે નવો માપદંડ સ્થાપિત કર્યો હતો. હવે નાગોયા ગેમ્સ 2036ના વિશાળ વિઝન તરફ ભારતનું વધુ એક મહત્વપૂર્ણ પગલું બનશે. ભારતીય ટીમ માત્ર મેડલ જીતવા પૂરતી સીમિત ન રહેતાં લાંબા ગાળાના લક્ષ્યો સાથે ઉતરી રહી છે. 2022ની હાંગઝોઉ એશિયન ગેમ્સમાં 106 મેડલના રેકોર્ડ પ્રદર્શને ભારતની અપેક્ષાઓ બદલી નાખી હતી. ભારતનું લક્ષ્ય 2036 સુધીમાં વિશ્વના ટોચના 10 અને 2047 સુધીમાં ટોચના 5 રમત દેશોમાં સ્થાન મેળવવાનું છે. નાગોયા ગેમ્સ ભારતીય રમતગમતની ઊંડાણ અને દબાણ હેઠળ પ્રદર્શન કરવાની ક્ષમતાની કસોટી કરશે.

મુખ્ય રમતો અને દાવદારો

શૂટિંગ : ડબલ ઓલિમ્પિક મેડલિસ્ટ મનુ ભાકરના નેતૃત્વમાં 30 શૂટર્સની ટીમ ભારતીય આશાઓનું નેતૃત્વ કરશે.
એથ્લેટિક્સ : તજિંદરપાલ સિંહ તૂર, મુરલી શ્રીશંકર અને ગુલવીર સિંહ જેવા ખેલાડીઓ સાથે 74 સભ્યોની ટીમ મેડલ માટે દાવ લગાવશે.
ક્રિકેટ : મહિલા ટીમ પોતાનો ટાઇટલ ડિફેન્ડ કરવા અને પુરુષ ટીમ મેદાન પર પ્રભુત્વ સાબિત કરવા ઉતરશે.
બેડમિન્ટન : સાત્વિકસાઈરાજ અને ચિરાગ શેટ્ટી મેન્સ ડબલ્સમાં પ્રથમ ગોલ્ડ માટે પ્રયાસ કરશે.
હોકી : હોકીમાં પુરુષ ટીમ ગોલ્ડ સાથે લોસ એન્જલસ ઓલિમ્પિક્સ માટે સીધું ક્વોલિફિકેશન મેળવવાનો લક્ષ્ય રાખશે.
અન્ય રમતો : કબડ્ડીમાં ભારતીય ટીમ વર્ચસ્વ જાળવી રાખવા ઉતરશે, જ્યારે બોક્સિંગ અને તીરંદાજીમાં પણ મેડલની મોટી આશા છે.

એશિયાડમાં વિલંબ પછી ભારત સહિતના દેશોના ધ્વજવંદન સમારોહ સંપન્ન

OCA અને સ્થાનિક આયોજક સમિતિ ANAGOC વચ્ચે સંચારની અછત અને ગેરસમજને કારણે કલાકનો વિલંબ થયો

નગોયા, તા. 18 (પીટીઆઈ) : એશિયન ગેમ્સમાં ભારત અને અન્ય પાંચ દેશોની ટુકડીઓના ધ્વજવંદન સમારોહમાં શુક્રવારે એક કલાકથી વધુ સમયનો વિલંબ થયો હતો. ઓલિમ્પિક્સ કાઉન્સિલ ઓફ એશિયા (ઓસીએ) અને સ્થાનિક આયોજક સમિતિ (ANAGOC) વચ્ચે ‘સંચારની અછત’ અને ‘ગેરસમજણ’ને આ ગડબડનું મુખ્ય કારણ ગણાવવામાં આવ્યું હતું. ગાર્ડન પિયર ખાતે જાપાનના સમય મુજબ બપોરે 1:30 વાગ્યે નિર્ધારિત આ સમારોહ શરૂઆતમાં 20 મિનિટના વિલંબથી શરૂ થયો હતો. બેન્ડ અને નિંજા યોદ્ધા જેવા કલાકારો પ્રદર્શન માટે તૈયાર હતા. ભારતના શેફ-ડી-મિશન સહદેવ યાદવ અને ચાર ડેપ્યુટી શેફ-ડી-મિશન શરથ કમલ, લીજો ડેવિડ થોટન, અલકનંદા અશોક અને અંજલિ ભાગવત પણ સ્થળ પર હાજર હતા. પરંતુ યમન, ઉત્તર કોરિયા, પેલેસ્ટાઈન, ભારત, ચાઈનીઝ-તાઈપેઈ અને તિમોર-લેસ્તે એમ છ દેશોની ટુકડીઓ સ્ટેજ પર જાય તે પહેલાં જ તેમને રોકાઈ જવા કહેવામાં આવ્યું. આશરે 15 મિનિટ રાહ જોયા બાદ આ ટુકડીઓને વેઈટિંગ એરિયામાં પાછા જવા વિનંતી કરાઈ હતી. વિલંબ એક કલાકથી વધી જતાં આંતરરાષ્ટ્રીય મીડિયામાં રાજકીય મુદ્દાઓ (ખાસ કરીને તાઈવાન અંગે) હોવાની અટકળો વહેતી થઈ હતી.

એશિયન ગેમ્સ અપડેટ

ભારતની ક્વિમ્સી ટેકબોલમાં ઐતિહાસિક મેડલની નજીક

નાગોયા, તા. 18(પીટીઆઈ) : ભારતની ક્વિમ્સી જોઆકિમ ડિસોઝાએ શુક્રવારે અહીં એશિયન ગેમ્સ ટેકબોલ સ્પર્ધાના મહિલા સિંગલ્સ સેમી ફાઇનલમાં પ્રવેશ કરીને આ રમતમાં ઐતિહાસિક મેડલ જીતવાની નજીક પહોંચી ગઈ છે. એશિયન ગેમ્સમાં ડેબ્યૂટન્ટ ક્વિમ્સીએ ગ્રુપ A ની પોતાની 43 મિનિટ ચાલેલી ઓપનર મેચમાં ટોચની ક્રમાંકિત જાપાનની યુઇના સાકામોટોને 2-1 (10-12 12-11 13-11) થી હરાવીને અપસેટ સર્જ્યો હતો. તેણે પોતાની બીજી ગ્રુપ મેચમાં પણ રિધમ જાળવીને કંબોડિયાની કોઈમાયેન ડાયને માત્ર 24 મિનિટમાં 2-0 (12-9 12-7)થી હરાવીને પોતાના ગ્રુપમાં ટોચનું સ્થાન મેળવીને અંતિમ ચારમાં પહોંચી હતી. શનિવારે સેમી ફાઇનલમાં તેનો સામનો ઇન્ડોનેશિયાની સુમાયા સામે થશે, જો તે જીતશે તો ભારતનો ટેકબોલમાં પહેલો મેડલ સુરક્ષિત કરશે. તે હારશે તો પણ પ્લેઓફ દ્વારા મેડલ જીતવાની બીજી તક મળશે.

મનુ ભાકર અને તાજિંદરપાલ ભારતીય દળના ધ્વજવાહક, ૧૫૮ સભ્યો ભાગ લેશે

નાગોયા, તા. 18 (PTI) : બે ઓલિમ્પિક્સ મેડલિસ્ટ શૂટર મનુ ભાકર અને એશિયન ગેમ્સના વર્તમાન શોટપુટ ચેમ્પિયન તાજિંદરપાલ સિંહ તૂરને શુક્રવારે એશિયન ગેમ્સના ઉદ્ઘાટન સમારોહ માટે ભારતીય ટુકડીના ધ્વજવાહક તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આવતીકાલે શનિવારે યોજાનારા આ ઓપનીંગ સેરેમનીમાં ભારતીય દળના 158 સભ્યો ભાગ લેશે. ભારતના ‘ચીફ-ડી-મિશન’ સહદેવ યાદવે જણાવ્યું હતું કે, મનુ ભાકર મુખ્ય ધ્વજવાહકોમાંના એક હશે. ત્યારબાદ એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (AFI) એ પુષ્ટિ કરી હતી કે તાજિંદરપાલ સિંહ તૂર બીજા ધ્વજવાહક રહેશે. ભારતીય ટુકડીના 158 સભ્યો આ સમારોહમાં જોડાશે.

સાઉથ કોરિયાની હોકી મેચમાં નોર્થ કોરિયાનું રાષ્ટ્રગીત વાગ્યું

નાગોયા, તા. 18 : એશિયન ગેમ્સમાં આજે શુક્રવારે બાંગ્લાદેશ સામેની પુરુષોની ફિલ્ડ હોકી મેચ પહેલાં દક્ષિણ કોરિયાના રાષ્ટ્રગીતને બદલે ઉત્તર કોરિયાનું રાષ્ટ્રગીત વગાડવામાં આવતા દક્ષિણ કોરિયાના હોકી ખેલાડીઓ સ્પષ્ટપણે મૂંઝવણમાં મુકાઇ ગયા હતા. સ્ટેડિયમના ઉદ્ઘોષકે કોરિયા પ્રજાસત્તાકના રાષ્ટ્રગીત તરીકે સંગીત રજૂ કર્યું હતું, પરંતુ આયોજકોને ટૂંક સમયમાં ખ્યાલ આવ્યો કે ખોટું રાષ્ટ્રગીત વગાડવામાં આવ્યું છે. એપીએ અહેવાલ આપ્યો છે કે આયોજન સમિતિએ ભૂલ માટે માફી માંગી છે અને તેને સુધારી છે.

સોફ્ટ ટેનિસ મેન્સ ટીમ ક્વાર્ટર ફાઈનલમાં ભારત ઇન્ડોનેશિયા સામે 0-2થી હાર્યું

નાગોયા, તા. 18 (પીટીઆઈ) : એશિયન ગેમ્સના સોફ્ટ ટેનિસ ઇવેન્ટની પુરુષ ટીમ ક્વાર્ટર ફાઇનલમાં ભારતીય ટીમ ઇન્ડોનેશિયા સામે 0-2 થી હારી હતી. આ પહેલા ભારતે ગ્રુપ સીમાં મોંગોલિયા અને લાઓસને હરાવ્યા હતા જ્યારે ચાઇનીઝ તાઈપેઈ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતીય ટીમમાં જય મીના, આર્યન ઠાકુર, યોગેશ ચૌધરી, અનિકેત પાટિલ અને ઓમ યાદવ છે. સોફ્ટ ટેનિસ એ એક રેકેટ રમત છે જેનો ઉદ્ભવ જાપાનમાં થયો હતો, જે આ એશિયન ગેમ્સનું યજમાન છે. ખેલાડીઓ પોઈન્ટ મેળવવા માટે નેટ પર નરમ, હળવા રબર બોલ ફટકારે છે.

ચેસ ઓલિમ્પિયાડ : ભારતીય પુરુષ ટીમે ઈટાલીને મહિલા ટીમે ગ્રીસને હરાવ્યું

સમરકંદ, તા. 18 (પીટીઆઈ) : 46મા ચેસ ઓલિમ્પિયાડમાં શુક્રવારે ભારતીય પુરુષ ટીમે ઈટાલીની ઓલ-ગ્રાન્ડમાસ્ટર ટીમ સામે 3-1થી શાનદાર વિજય મેળવ્યો હતો. આ મુકાબલામાં નિહાલ સરીને ફરી એકવાર બહતરીન પ્રદર્શન કર્યું હતું, જ્યારે વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશે જીતના માર્ગે વાપસી કરી હતી. બીજી તરફ, મહિલા ટીમે ત્રીજા રાઉન્ડમાં ગ્રીસના સંરક્ષણને ધ્વસ્ત કરીને 3.5-0.5થી જીત મેળવી હતી અને પોઈન્ટ ટેબલમાં પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું હતું. ટોચના બોર્ડ પર આર. પ્રજ્ઞાનાનંદ સતત બીજા દિવસે લોરેન્ઝો લોડિસી સામે વિજય મેળવવામાં નિષ્ફળ રહ્યો હતો, પરંતુ તેના સાથી ખેલાડીઓ નિહાલ સરીન અને ગુકેશે ઈટાલી સામે ટીમની મજબૂત જીત સુનિશ્ચિત કરી હતી. મહિલા વિભાગમાં કોનેરુ હમ્પી ભારતીય ટીમની મુખ્ય ખેલાડી રહી હતી, જેણે એકતરફી મુકાબલામાં ગ્રીસની સ્ટેવરુલા સોલાકીદોને હરાવી હતી. દિવ્યા દેશમુખ અને અનાસ્તાસિયા એવરામિદો વચ્ચેની મેચ ડ્રો રહી હતી, જ્યારે વંતિકા અગ્રવાલે એકાટેરિની પાલવિદોને પરાજય આપ્યો હતો.

રૂમના અભાવે મુશ્કેલીમાં મુકાયેલા 30થી 35 ભારતીય ખેલાડીને હોટલમાં ખસેડાયા

લગભગ 30 થી 35 ભારતીય ખેલાડીને પૂર્વ ચેતવણી વિના યાદીમાંથી દૂર કરી દેવાતા સહાયક ટીમે ઝડપથી હોટલ રૂમ બૂક કરાવ્યા

રહેઠાણની તંગીને પગલે રમતગમત મંત્રાલયે ભારતીય ખેલાડીઓની મદદ માટે પ્રવાસી ભારતીય સમુદાયનો સંપર્ક કર્યો

નાગોયા, તા. 18 : ભારતના એશિયન ગેમ્સના અભિયાનના વડા સહદેવ યાદવે શુક્રવારે જણાવ્યું હતું કે તેમને અહીં પહોંચ્યા પછી જ ખબર પડી કે આયોજકોએ 30 થી 35 ભારતીય ખેલાડીઓના નામ રહેવાની યાદીમાંથી દૂર કર્યા છે, જેના કારણે ભારતને તેમના માટે રૂમની વ્યવસ્થા કરવાની ફરજ પડી છે. આ તરફ રમત મંત્રાલયે ખેલાડીઓના રોકાણ માટે મદદ મેળવવા અહીંના ભારતીય સમુદાયનો સંપર્ક કર્યો છે.

ઘણા ભારતીય ખેલાડીઓને અહીં પહોંચ્યા પછી રહેવાની વ્યવસ્થા અંગે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો અને રૂમ માટે કલાકો સુધી રાહ જોવી પડી હતી. યાદવે કહ્યું હતું કે આયોજક સમિતિએ અમને કહ્યું હતું કે ભારતથી અપેક્ષા કરતાં વધુ ખેલાડીઓ આવ્યા છે, પરંતુ એવું નથી. અમે જેટલા ખેલાડીઓ માટે સંમત થયા હતા તેટલા જ ખેલાડીઓ મોકલ્યા હતા. પરંતુ તેમણે કેટલાક નામો કાઢી નાખ્યા જેમના માટે અમે હોટલ બુક કરાવી હતી. અમને 30-35 ખેલાડીઓ સાથે સમસ્યા હતી. અમારી ટીમે ઝડપથી કાર્યવાહી કરી અને રૂમ બુક કરાવ્યા. વે બધા ભારતીય ખેલાડીઓને જગ્યા મળી ગઈ છે અને કોઈ સમસ્યા નથી.

સ્પર્ધાના સમયપત્રક મુજબ વધુ ખેલાડીઓ આવી પહોંચશે ત્યારે પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. રહેઠાણ મળવામાં વિલંબ થવાને કારણે બેડમિંટન ખેલાડીઓને અગાઉથી જ હોટેલમાં શિફ્ટ કરવામાં આવ્યા છે અને હાલ પૂરતા તેઓ ત્યાં જ રોકાશે. અહીં આવેલા મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું કે જો એશિયન ગેમ્સ દરમિયાન ખેલાડીઓ માટે રૂમની અછત ઊભી થાય, તો મંત્રાલયે ભારતીય પ્રવાસી સમુદાયને સ્ટેન્ડબાય પર રહેવા અને મદદ કરવા વિનંતી કરી છે.

જિમ્નાસ્ટ પ્રણતિને પુરુષ કોચ સાથેનો રૂમ ફાળવાયો, IOAની વિનંતી પછી બીજો રૂમ મળ્યો

નાગોયા તા. 18 : 2026 એશિયન ગેમ્સમાં જાપાન તેના નબળા આયોજન માટે નોંધપાત્ર ટીકાનો સામનો કરી રહ્યું છે. જોકે, પરિસ્થિતિ સુધરવાને બદલે વધુ ખરાબ થઈ રહી છે. ભારતીય જિમ્નાસ્ટ પ્રણતિ નાયકને તેના કોચ અશોક શર્મા સાથે એક જ રૂમ ફાળવાયો હતો. જેની ફરિયાદ કરવા છતાં તાત્કાલિક કોઇ ઉકેલ નહોતો આવ્યો. તે પછી. પ્રણતિ અને અશોક શર્માએ ભારતીય ઓલિમ્પિક્સ એસોસિએશન (આઇઓએ)ના અધિકારીઓ પાસેથી મદદ માંગી. આ અધિકારીઓનો ફોન આવ્યા બાદ, કોચ અશોક શર્મા માટે એક અલગ રૂમની વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે જ્યારે અશોક શર્મા રૂમની ચાવી લેવા પહોંચ્યા, ત્યારે તેમને કહેવામાં આવ્યું કે તેમનું નામ રેકોર્ડમાં નથી. પાછળથી, વધુ તપાસ કર્યા પછી, ખબર પડી કે તેમના નામ પરથી ID કાઢી નાખવામાં આવ્યો છે. જોકે, લગભગ 2 વાગ્યાની આસપાસ, તેમને રૂમ મળ્યો હતો.

ભારતની 2038 એશિયન ગેમ્સ બિડ પર ફેંસલો 2028માં થશે : OCA

નાગોયા, તા. 18 (PTI) : 2038ની એશિયન ગેમ્સની યજમાની અધિકાર મેળવવા માટેની ભારતની દાવેદારીનું ભવિષ્ય 2028 પહેલાં જાણી શકાશે નહીં. ઓલિમ્પિક્સ કાઉન્સિલ ઓફ એશિયા (ઓસીએ)એ શુક્રવારે આ માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે આ એડિશનની દોડમાં ભારત સિવાય અન્ય પાંચ દેશો પણ સામેલ છે. ભારતે આ વર્ષે એપ્રિલમાં 2038 એશિયન ગેમ્સની મેજબાની માટે સત્તાવાર રીતે ‘એક્સપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ’ (EOI) રજૂ કર્યું હતું. રમતગમતના મોટા વૈશ્વિક આયોજનો માટેનું મુખ્ય કેન્દ્ર બનવાની ભારતની વ્યાપક વ્યૂહરચના તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે. ભારત 2036ના ઓલિમ્પિક્સ માટે પણ દાવેદારી કરી રહ્યું છે અને અમદાવાદમાં 2030ની કોમનવેલ્થ ગેમ્સનું આયોજન પણ કરી રહ્યું છે. ઓસીએએ અગાઉ એશિયન બીચ ગેમ્સ દરમિયાન ચીનના સાન્યા શહેરમાં 21 એપ્રિલે યોજાયેલી તેની એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠકમાં ભારતની EOI અરજી પર ચર્ચા કરી હતી. OCAના ડાયરેક્ટર જનરલ હુસૈન અલ-મુસલ્લામે જણાવ્યું હતું કે, અમને 2038માં એશિયન ગેમ્સ યોજવા માટે ભારત, ફિલિપાઇન્સ અને અન્ય ચાર દેશો તરફથી રસ દર્શાવવામાં આવ્યો છે.

ભારતની અંડર-19 ટીમની જીતમાં દ્રવિડ-સેહવાગના પુત્રો ઝળક્યા

રાજકોટ, તા. 18 (પીટીઆઈ) : અન્વય દ્રવિડ અને આર્યવીર સેહવાગની ધમાકેદાર ઇનિંગ્સ અને યશવર્ધન ચૌહાણની શાનદાર અડધી સદીની મદદથી, ભારતની અંડર-19 ટીમે શુક્રવારે અહીં વરસાદથી પ્રભાવિત યુવા વન ડેમાં ઓસ્ટ્રેલિયા અંડર-19 ટીમ સામે સાત રનથી રોમાંચક જીત મેળવી હતી. વરસાદને કારણે 20 ઓવરની કરાયેલી મેચમાં ચૌહાણે 34 બોલમાં 54 રન બનાવ્યા હતા, જ્યારે રાહુલ દ્રવિડના પુત્ર અન્વયે માત્ર 18 બોલમાં 38 રન બનાવતા ભારત છ વિકેટે 182 રન સુધી પહોંચી શક્યું હતું. વીરેન્દ્ર સેહવાગના પુત્ર આર્યવીરે 26 બોલમાં પાંચ ચોગ્ગાની મદદથી 28 રન બનાવ્યા હતા. જવાબમાં ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમ સાત વિકેટે માત્ર 175 રન સુધી સિમિત રહી હતી. ચૌહાણે બોલિંગમાં પણ પોતાની પ્રતિભા બતાવીને ચાર ઓવરમાં 28 રન આપીને બે વિકેટ લીધી હતી.

અજીત અગરકરના ભાવિ પર BCCI દ્વારા કોઇ સ્પષ્ટતા ન થઇ

સચિવ સૈકિયાએ અગરકરના ભાવિ અંગે કહ્યું : ક્રિકેટની દુનિયામાં 15 દિવસ ઘણો લાંબો સમય છે

મુંબઈ, તા. 18 (PTI) : બીસીસીઆઈના સચિવ દેવજિત સૈકિયાએ શુક્રવારે પસંદગી સમિતિના અધ્યક્ષ અજિત અગરકરના ભવિષ્ય અંગે કોઈ સ્પષ્ટ ઉત્તર આપ્યો ન હતો, પરંતુ તેમણે એટલું જરૂર કહ્યું હતું કે ક્રિકેટની દુનિયામાં ૧૫ દિવસનો સમય ઘણો મોટો હોય છે. અગરકરે બુધવારે નવી દિલ્હીમાં તેમના વર્તમાન કાર્યકાળની છેલ્લી સિલેક્શન મીટિંગ યોજી હતી અને તેમનો કોન્ટ્રાક્ટ ચોથી ઓક્ટોબરે પૂરો થઈ રહ્યો છે.

બીસીસીઆઈની વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) પૂરી થયા બાદ સૈકિયાએ પત્રકારોને જણાવ્યું હતું કે, અમારી પાસે હજુ ૧૫ દિવસનો સમય બાકી છે. ક્રિકેટ જગતમાં ૧૫ દિવસ ઘણો મોટો સમય ગણાય. અમે યોગ્ય સમયે નિર્ણય લઈશું અને તમને જાણ કરીશું. આજે કોઈ વ્યક્તિગત મુદ્દા પર ચર્ચા થઈ નથી. આ સાથે જ ક્રિકેટ એડવાઈઝરી કમિટી (CAC) ઉમેદવારોના ઈન્ટરવ્યુ લીધા બાદ ટૂંક સમયમાં નવી જુનિયર સિલેક્શન કમિટીની રચના કરશે. આ પદ માટે મોટી સંખ્યામાં અરજીઓ મળી છે અને આગામી ૧૦-૧૫ દિવસમાં આ પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરી લેવાશે.

સમયમર્યાદા નક્કી નથી પણ એશિયા કપની ટ્રોફીઓ એક દિવસ BCCI ઓફિસમાં હશે : દેવજિત સૈકિયા

મુંબઇ : ભારતીય પુરુષ અને મહિલા ટીમ દ્વારા જીતવામાં આવેલી એશિયા કપની ટ્રોફીઓ એક દિવસ મુંબઇ સ્થિત બીસીસીઆઇ હેડક્વાર્ટરમાં લાવવામાં આવશે, પરંતુ તે માટે કોઈ ચોક્કસ સમયસીમા આપી શકાય નહીં, તેમ શુક્રવારે બોર્ડના સચિવ દેવજિત સૈકિયાએ જણાવ્યું હતું. બોર્ડની એજીએમ પછી પત્રકારો સાથે વાત કરતા સૈકિયાએ કહ્યું, અમને આશા છે કે એશિયા કપની ટ્રોફીઓ એક દિવસ ચોક્કસ આવશે. હું તમને કોઈ સમયસીમા નહીં આપું, પરંતુ એટલી ખાતરી આપું છું કે બંને ટ્રોફી વાનખેડે સ્ટેડિયમ સ્થિત બીસીસીઆઇની આ ઓફિસમાં જ આવશે.

રાંચી ટેસ્ટનું સ્થળ બદલવાની કોઇ વિનંતી મળી નથી

બીસીસીઆઇ સચિવ દેવજિત સૈકિયાએ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની 19 થી 23 ફેબ્રુઆરી દરમિયાન રાંચીમાં યોજાનારી ટેસ્ટ મેચને અન્ય સ્થળે ખસેડવાના મીડિયા અહેવાલોને ફગાવી દીધા છે. સૈકિયાએ જણાવ્યું કે, મેચને હજુ છ મહિના બાકી છે. અમે થોડા દિવસો પછી સ્થિતિ સ્પષ્ટ કરીશું. રાંચી ટેસ્ટનું સ્થળ બદલવા અંગે અત્યાર સુધી ભારતીય ટીમ મેનેજમેન્ટ તરફથી કોઇ વિનંતી મળી નથી.

ડેવિસ કપ : નાગલ, સુરેશ હારતા કોરિયા સામે ભારત 0-2થી પાછળ

સીઉલ, તા. 18 (પીટીઆઇ) : ડેવિસ કપમાં આજે શુક્રવારે અહીં દક્ષિણેશ્વર સુરેશ અને સુમિત નાગલ સારી શરૂઆતનો લાભ લેવાનું ચૂકવાથી તેમની સિંગલ્સ મેચ હાર્યા હતા, જેનાથી ભારતીય ટીમ પ્રથમ દિવસ પછી દક્ષિણ કોરિયા સામે 0-2 થી પાછળ રહી અને અંતિમ આઠમાં પહોંચવાની ભારતની આશાને ફટકો પડ્યો છે. દક્ષિણેશ્વરે સારી શરૂઆત કરી હતી પરંતુ તે લય જાળવી શક્યો ન હતો અને દક્ષિણ કોરિયાના સૂન વૂ ક્વોન સામે 3-6, 6-3, 6-4થી હાર્યો હતો. ભારતના નંબર વન ખેલાડી નાગલ પણ સારી શરૂઆત છતાં, અનુભવી હ્યોન ચુંગ સામે ત્રણ કલાકથી વધુ ચાલેલી મેચમાં 6-2, 4-6, 5-7થી હાર્યો હતો. ભારતને હવે નોકઆઉટ તબક્કામાં પહોંચવા માટે અંતિમ દિવસે ત્રણેય મેચ જીતવાની જરૂર છે, જે ભારતના ઇતિહાસમાં 2010 માં બ્રાઝિલ સામે અને 2018 માં ચીન સામે એમ ફક્ત બે વાર જ બન્યું છે.

NCCIAની તપાસ વચ્ચે રિઝવાને ICCના એન્ટી-કરપ્શન યુનિટનો સંપર્ક કર્યો

PCBને ભ્રષ્ટાચાર સંબંધી શંકા સંબંધે ICCની નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કર્યું છે કે નહીં તે રિઝવાને જાણવા માગ્યું

કરાચી, તા. 18 (PTI) : ગેરકાયદેસર બેટિંગ અને સટ્ટાબાજીની વેબસાઇટ્સ સાથેના કથિત જોડાણો અંગે સરકારી તપાસ વચ્ચે, પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન મોહમ્મદ રિઝવાને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના એન્ટી-કરપ્શન યુનિટનો સંપર્ક કરીને જો કોઈ ખેલાડી ભ્રષ્ટાચારમાં શંકાસ્પદ હોય તો અનુસરવાની પ્રક્રિયા અંગે સ્પષ્ટતા માંગી છે. આ પગલું લાહોર હાઈકોર્ટે ગુરુવારે આવા મામલાઓની તપાસ કરવા માટે નેશનલ સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NCCIA) ના અધિકારક્ષેત્રને પડકારતી રિટ પિટિશનને ફગાવી દીધા બાદ આવ્યું છે. આ વિકેટકીપર-બેટ્સમેનની NCCIA દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે. રિઝવાને આઈસીસી પાસે જાણવા માંગ્યું છે કે જો પીસીબીને તેના કોઈ ખેલાડી પર ભ્રષ્ટાચારની શંકા હોય, તો શું તેમણે નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કર્યું છે કે નહીં.

જર્સી પર બેટિંગ એપનું નામ છુપાવનારા રિઝવાન પર સટ્ટાબાજીના આરોપ



પાકિસ્તાનના વિકેટકીપર-બેટ્સમેન મોહમ્મદ રિઝવાન પોતાના ખોટા ડોળને કારણે ઘણીવાર મેદાન પર બદનામ થઇ ચૂક્યો છે અને હવે તેના આવા જ એક ડોળનો ખુલાસો થયો છે, જેમાં એક સમયે તેણે પીએસએલમાં મુલતાન સુલ્તાન્સની જર્સી પર બેટિંગ એપ Wolf777નું નામ છુપાવવા ટેપ લગાડી હતી અને હવે તેની સામે જ સટ્ટાબાજી માટે તપાસ ચાલી રહી છે, આ ફોટો સામે આવતા તેની બેવડા માપદંડ માટે ટીકા થઇ હતી.